# મોહનપુર-રણાસણ માર્ગ પર રીક્ષા ખાબકતા ચારના મોત

તલોદ, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના મોહનપુર-રણાસણ રોડ માર્ગ ઉપર થયેલા વાહન અકસ્માતમાં કુલ ૪ વ્યક્તિઓના



કમકમાટીભરી હાલતમાં કરૂણ મોત નિપજ્યા હતા. જેમાં કિશોરવયના ૨ વિદ્યાર્થીઓ અને ૪૦ થી ૪૫ વર્ષની વયના ૨ ખેત મજૂરોનો સમાવેશ થાય છે. રણાસણથી મોહનપુર તરફ મુસાફરો ભરીને જતી ઓટોરીક્ષાના ચાલકે કથિત ગફલત અને બેદરકારી દાખવતા કાંબળી નદીના જર્જરિત પુલની લોખંડની રેલીંગને રીક્ષાની જોરદાર ટક્કર લાગતાં જ રેલીંગ તોડીને રીક્ષા ૫૦ ફૂટ ઊંડા નદીના પથરાળ પેટાળમાં ફંગોળાઈ જઈ પડી હતી. જેમાં અંદાજીત ૧૦ મુસાફરોને ઈજાઓ પહોંચી હતી. જે પૈકીના ૪ વ્યક્તિનું કરૂણ મોત નિપજ્યા હતા.

તલોદ તાલુકાના રણાસણ ગામમાંથી એક ઓટોરીક્ષા નં. જીજે૧૭ટીટી૪૯૧૦ મુસાફરો ભરીને મોહનપુર જવા નીકળી હતી. બપોરના ૨.૦૦ વાગ્યાના સુમારે રણાસણ-મોહનપુર માર્ગ વચ્ચેની કાંબળી નદીના ખખડધજ પુલ ઉપરથી આ રીક્ષા દોડી રહી હતી ત્યારે રીક્ષાચાલકની કોઈક ગફલતને કારણે પુલની લોખંડની રેલીંગને રીક્ષા જોરદાર રીતે ટકરાઈ હતી. પુલની બાબા આદમ વખતની કાટ ખાઈ ગયેલી મનાતી લોખંડની રેલીંગ રીક્ષાની ટક્કરથી માત્ર તુટી ગઈ હતી અને આખી રીક્ષા નદીના કોરાધાકોર અને મસ મોટા પથ્થરોથી છવાયેલા ૫૦ ફૂટ ઊંડા તટમાં મુસાફરો સાથે જ જઈ પડી હતી. જ્યાં રીક્ષાના મુસાફરો ફૂટબોલની જેમ ફંગોળાઈને



નદીના પટમાં પટકાઈ પડ્યા હતા. જેમાં મનાય છે કે ૧૦ જેટલા મુસાફરો નાની-મોટી ઈજાઓનો ભોગ બન્યા હતા. જે પૈકીના ૨ વિદ્યાર્થીઓ અને ૨ ખેડૂતો અતિભારે ઈજાઓનો ભોગ બનતા ગણતરીની પળોમા ંજ કાળનો કોળીયો બની ગયા હતા. અન્ય ઈજાગ્રસ્તોને હિંમતનગર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવાની ફરજ પડેલ છે. જેમાં એક-બેની હાલત ગંભીર હોવાનું ચર્ચામાં રહ્યું છે.

ઘટનાની જાણ થતા તલોદ પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. જ્યાં નદીના તટમાંથી ૩ મૃતદેહોને બહાર કાઢવામાં આવ્યા હતા. જ્યારે ભારે ઈજાઓનો ભોગ બનેલાઓને હિંમતનગર સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા. હિંમતનગર પહોંચ્યા પહેલા જ માર્ગમાં યશ પંડ્યા નામના ઈજાગ્રસ્તનું મોત નિપજ્યું હતું. આ બનાવ મામલે મોહનપુરના



રમેશભાઈ પુનમભાઈ પંડ્યાએ નોંધાવેલ પોલીસ ફરિયાદ અન્વયે અકસ્માતે મોતના આ ગુનાની તપાસ પી.એસ.આઈ. આર.આર. દેસાઈ ચલાવી રહ્યા છે.

# નાના સામેરાની પ્રસુતા મહિલાનુ પ્રસુતિ બાદ મોત

## ખુશ્બુ મેટરનેટી હોસ્પિટલના તબીબ સામે પોલીસ ફરિયાદ : ટાઉન પોલીસે ફરિયાદ નોંધી મહિલાના મૃતદેહને પી.એમ. માટે મોકલી આપ્યો : પરિવારજનો અને સમાજના ટોળેટોળા ઉમટ્યા

મોડાસા, તા. ૨૪

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેર ઉત્તર ગુજરાત અને પંચમહાલ તેમજ રાજસ્થાનમાં આરોગ્ય નગરી તરીકે ખુબ જ જાણીતુ છે. મોડાસા શહેરમાં જિલ્લાના તેમજ રાજસ્થાનના દર્દીઓ મોટી સંખ્યામાં તબીબી સારવાર લેવા મોટી સંખ્યામાં ઉમટી પડે છે. મોડાસા શહેરના ગતિશીલ વિકાસમાં આરોગ્યલક્ષી સેવાઓના લીધે મહત્વનો ફાળો છે.

મેઘરજના શણગાલ નજીક આવેલા નવા સામેરા ગામની ૩૦ વર્ષીય મહિલા પ્રસુતિ માટે મોડાસાની ખાનગી હોસ્પિટલમાં લવાયા બાદ પુત્રના જન્મ પછી પ્રસુતા મહિલાનુ સ્વાસ્થ્ય કથળત મોત નિપજતા આ મહિલાના મોત માટે તબીબની બેદરકારી જવાબદાર હોવાનો આક્ષેપ કરી પોલીસ ફરિયાદ નોંધાવી હતી. શનિવારે રાત્રીના સમયે ક્ષત્રિય ઠાકોર સમાજના લોકોના ટોળેટોળા ઉમટી પડતા મોડાસા ટાઉન પોલીસ મુંઝવણમાં મુકાઈ ગઈ હતી.

મેઘરજના શણગાલ નજીક નવા સામેરા ગામની ૩૦ વર્ષીય



શિલ્પાબેન તરાર નામની મહિલાને પુરા માસે પ્રસુતિની પીડા ઉપડતા ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ દ્વારા મોડાસામાં મેઘરજ રોડ પર આવેલી ખુશ્બુ હોસ્પિટલમાં પ્રસુતિ માટે દાખલ કરવામાં આવી હતી. હોસ્પિટલના તબીબ ડૉ. કંદર્પ પ્રજાપતિએ મહિલાને પ્રસુતિ કરાવતા પુત્રનો જન્મ થયો હતો પરંતુ પ્રસુતા મહિલા બેભાન અવસ્થામાં જતી રહી હતી. સાંજ સુધી મહિલા ભાનમાં ન આવતા પરિવારજનો બેબાકળા બની ગયા હતા અને બેભાન મહિલા અંગે તબીબને વારંવાર રજુઆત કરી મહિલાને ભાનમાં લાવવા સારવાર કરવા આજીજી કરી હતી.

પરંતુ ડૉક્ટરે પરિવારજનોની રજૂઆત અંગે આંખ આડા કાન કરતા સારવાર કરવાની તસ્દી ન લેતા બેકાળજી દાખવતા બેભાન પ્રસુતા મહિલાનુ અકાળે મોત નિપજ્યુ હતુ. પ્રસુતા મહિલાનુ મોત તબીબની બેદરકારીને લીધે થયુ હોવાનો આક્ષેપ થતા ખળભળાટ મચી ગયો હતો અને રાત્રી સુધીમાં લોકોના અને સગાસંબંધીઓના ટોળેટોળા ખુશ્બુ હોસ્પિટલ ખાતે ઉમટી પડ્યા હતા અને મહિલાની સારવારમાં બેદરકારી દાખવનાર તબીબ સામે ફીટકાર વરસાવતા હતા.

પરિવારજનોએ અને સગાસંબધીઓ ડૉ. કંદર્પ પ્રજાપતિને પાઠ ભણાવવા અને તેની લાપરવાહીના લીધેજ પ્રસુતા મહિલાનુ મોત નિપજ્યુ હોવાના આક્ષેપ સાથે પરિવારજનોએ મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ડૉ. કંદર્પ પ્રજાપતિ વિરૂદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવતા તબીબ આલમમાં ફફડાટ ફેલાયો હતો.

મોડાસા ટાઉન પોલીસે ફરિયાદ નોંધાવવામાં વિલંબ કરતા અને તબીબને છાવરતા પરિવારજનોમાં મોડાસા ટાઉન પોલીસ સામે આક્રોશ ઠાલવ્યો હતો. મોડાસા ટાઉન પોલીસે તબીબ વિરૂદ્ધ ફરિયાદ નોંધી મૃતક પ્રસુતા મહિલાના મૃતદેહને પી.એમ. માટે મોકલી આપી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

# ભિલોડાના ઈન્દ્રાસી ડેમના કૂવામાં પાણી ભરવા ગયેલ બે સગી બહેનોના મોત

## એકનો પગ લપસતા બીજી બહેન બચાવા જતા બન્ને ડૂબી ગઈ

ભિલોડા,તા.૨૩

અરવલ્લી જીલ્લાના ભિલોડા પાસેના ઈન્દ્રાસી ડેમના કુવામાં પાણી ભરવા ગયેલ રબારી વીજુબેન, ઉં.વ.આ.૧૪ અને હિનાબેન ઉં.વ.૮ આ બંન્ને પાણી



ભરવા ગઈ હતી ત્યારે મોટી બહેન કુવામાંથી પાણી ખેંચી રહી હતી તે દરમ્યાન પગ લપસી જતાં કુવામાં પડતાં નાની બેહેન મોટી બહેનને બચાવવા જતાં તે પણ કુવામાં પડી જતાં બંન્નેનાં કરૂણ મોત થતાં રબારી સમાજમાં ઘેરા શોકની કાલીમા છવાઈ હતી.

રબારી છત્રાજી જગમાલજીની આશરે ૧૪ વર્ષની દિકરી વીજુબેન અને રબારી વસંતભાઈ લાલજીભાઈની ૮ વર્ષની દિકરી હિનાબેન આ બંન્ને કુમારીકાઓ મુળ રહેવાસી રાજસ્થાનના રોવાડા ગોપીયા, તા.શીવગંજ, જી.શિરોહીના વતની છે. બીજા બહેન રાજસ્થાન, તા.આહોર, જી.જાલોરના મુળ વતની છે. ઘેટા, બકરાં ચરાવવા અરવલ્લી જીલ્લાના ગોરલથી આજુ-બાજુના વિસ્તારોમાં ડેરા લઈ આ ગામથી બીજા ગામ ફરીને ગુજરાન ચલાવતા હતા. હાલમાં નદી-નાળા ખાલી હોઈ ઈન્દ્રાસી અને હાથમતી જલાગાર ખાલી હોઈ ઘેટા-બકરાં ચરાવવા ઈન્દ્રાસી ડેમમાં છેલ્લા કેટલાક દિવસથી ડેરા-તંબુ બિછાવી માલને ઘાસચારો ચરાવતા હતા. એકા-એક આજ રોજ સાંજે ૫:૩૦ વાગ્યાના સુમારે આ ઘટના બનતાં રબારી સમાજના સગાં-સ્નેહીઓ સમાચાર મળતાં આવી પહોંચતાં સગા-સ્નેહીઓ એક બીજાને ભેટી ભારે રોકકળ કરી મુકી હતી. વાયુ વેગે આ સમાચાર પ્રસરતાં આજુ-બાજુના ગામવાળા આવી જતાં દરેકની આંખોમાં આંસુ આવી ગયા હતા.

## કોડીયાવાડામાંથી બાઈક ચોરાયું

વિજયનગર તાલુકાના કોડીયાવાડા ગામે રહેતા રવિકાન્ત મણીલાલ પટેલે પોતાના ઘર આગળ પાર્ક કરેલ બાઈક નં. જીજે.૯. સીઆર. ૪૨૪૫ની તા. ૨૨ જુલાઈના રોજ અજાણ્યો શખ્સ ચોરી કરી લઈ ગયો હતો. રવિકાન્ત પટેલે અજાણ્યા શખ્સ વિરૂદ્ધ ચિઠોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## કરણપુર પાસેની ખાખરાની ફેક્ટરીમાં ચોરી

હિંમતનગર તાલુકાના કરણપુર ગામની સીમમાં આવેલ ખાખરા બનાવવાની એમસન ફૂડ નામની કંપનીમાંથી શુક્રવારે રાત્રે અજાણ્યા શખ્સોએ પ્રવેશ કરી કોમ્પ્યુટર, સીપીયુ, કેમેરા, આઠ તેલના ડબ્બા, પ્રિન્ટર તથા સ્પીકરો મળી રૂ. ૩૯ હગજારની મત્તા ચોરી કરીને ભાગી ગયા હતા. મનોજકુમાર કાન્તીલાલ સોનીએ અજાણ્યા શખ્સો વિરૂદ્ધ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## મોતીપુરામાંથી પાર્ક કરેલું બાઈક ચોરાયું

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં આવેલ એક હોટલ પાસે ૨૧ જુલાઈના રોજ પાર્ક કરેલ બાઈક નં. જીજે.૦૯. સીબી. ૧૨૨૬ની અજાણ્યો શખ્સ ચોરી કરી લઈ ગયો હતો. જે અંગે તપાસ કરવા છતાં કોઈ પત્તો ન મળતા સુનિલસિંહ ધર્મેન્દ્રસિંહ સોલંકીએ ૧૫ હજારની કિંમતનું બાઈક ચોરાયાની ફરિયાદ હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી.

# ડીસા તાલુકાના રસાણા મોટા ગામ ખાતે દલિત સમાજ દ્વારા મરેલા ઢોર ઉપાડવાના કામનો પણ બહિષ્કાર કરાયો

ડીસા, તા. ૨૪

ઉનાના શામઢીયાળા ખાતે દલિતો પર થયેલા અત્યાચારના પ્રત્યાઘાત રૂપે સમગ્ર ગુજરાતમાં દલિત તેમજ અન્ય સમાજ દ્વારા તેનો વિરોધ થઈ રહ્યો છે. તેમજ આજે ડીસા તાલુકાના રસાણા મોટા ગામ ખાતે દલિત સમાજ દ્વારા વર્ષો જુના કુરિવાજો અને મરેલા ઢોરના ચામડુ ઉપાડવાના કામનો પણ બહિષ્કાર કરાયો હતો.

ગીર સોમનાથ જિલ્લાના શામઢીયાળા ખાતે દલિતો પર થયેલા અત્યાચારનો વિડિયો વાયરલ થતા દલિત સમાજ દ્વારા તેનો સખત વિરોધ દર્શાવવામાં આવી રહ્યો છે. અને આ ઘટનાથી વર્ષોથી દબાયેલા અને કચડાયેલા દલિત સમાજનો રોષ ભભુકી ઉઠતા તેના પ્રત્યાઘાત રૂપે છેલ્લા એક સપ્તાહથી સમગ્ર ગુજરાતમાં ઠેર ઠેર રેલીઓ, વિરોધ પ્રદર્શન અને આવેદન પત્રો આપી તેમની વેદના રજુ કરવામાં આવી રહી છે. ત્યારે બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના રસાણા મોટા ગામ ખાતે પણ જય ભીમ સેના યુવા કમિટી દ્વારા આ ઘટનાના વિરોધમાં બેઠક યોજાઈ હતી. જેમાં મૃત પશુઓની ખાલ નહિ ઉતારવાનો અને દલિતો જ મૃત પશુઓ ઉપાડશે તેવી વર્ષો જુની માન્યતા અને કુરિવાજનો બહિષ્કાર કર્યો હતો.



વર્ષોથી દલિત સમાજ દ્વારા દલિત સમાજના લોકો જ મૃત પશુઓ ઉપાડશે અને તેનું ચામડુ ઉતારી રહ્યા છે તેમ છતાં તેઓની સાથે વારંવાર શારીરિક કે માનસિક ત્રાસ આપી અત્યાચાર ગુજારવામાં આવી રહ્યો છે. પરંતુ હવે સ્વતંત્ર ભારત દેશમાં તેઓને પણ સ્વતંત્ર રીતે જીવવાની અને કામ કરવાનો અધિકાર છે. જેથી જય ભીમ સેના યુવા કમિટીએ પણ તેમના આ નિર્ણયનો કોઈ વિરોધ કરશે તો કાયદેસરની કાર્યવાહી કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

## ધાનેરા પોલીસે દારૂ સહિત ૩.૧૨ લાખનો મુદ્દામાલ ઝડપી પાડ્યો

બનાસકાંઠાની ધાનેરા પોલીસે દારૂ સહિત ૩.૧૨ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. રાજસ્થાનથી ગુજરાતમાં દારૂ ઘુસાડવા માટે બુટલેગરો દ્વારા દારૂ ઘુસાડવા માટે વિવિધ નુસખા અપનાવવામાં આવતા હોય છે. ત્યારે પોલીસ પણ જાણે દારૂ પકડવામાં પાછી પાની નથી કરતી તેમ આજે ધાનેરામાં એક ઈકો પેસેન્જર ગાડીમાં દારૂ બીયરની ગાડી રાજસ્થાનથી ધાનેરા તરફ આવી રહી હતી તે સમયે ધાનેરા પી.આઈ. જે.એમ. ચુડાસમા દ્વારા આ ગાડીને ધાનેરા થાવર પુલ પાસે રોકવાની કોશિષ કરતા ચાલકે ગાડી ભગાડી હતી. પોલીસ દ્વારા ગાડીની તલાશી લેતા ગાડીમાંથી દારૂની બોટલ નંગ ૨૧૦ જેની રૂ.૧૨૦૦૦ અને ગાડીની કિંમત ૩ લાખ ગણી કુલ ૩.૧૨ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ફરાર ગાડીના ચાલકને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

## દાંતામાં દલિત સમાજે આવેદનપત્ર આપ્યુ

ધાનેરા, તા. ૨૪

સોમનાથ જિલ્લાના ઉના ખાતે સમઢીયાળામાં દલીત યુવાનો ઉપર થયેલા અત્યાચારના પગલે રાજ્યનાં છેવાડાના વિસ્તાર સુધી પડઘા પડ્યાં છે. જે સંદર્ભે આજે દાંતા તાલુકા સમસ્ત દલીત સમાજનાં વિશાળ સંખ્યામાં એકત્રીત થયેલાં લોકો દ્વારા એક ધિક્કાર રેલી યોજી વિરોધ પ્રદર્શન કર્યો હતો.

દાંતામાં ટ્રેજરી કમ્પાઉન્ડથી નિકળેલી ધિક્કાર રેલી બજારોમાં ફરી હતી ને રેલીમાં જોડાયેલી મહિલાઓએ છાજીયા લઈ સૂત્રોચ્ચાર કર્યા હતા. દલીત સમાજનાં અગ્રણીઓ દ્વારા દલીતો ઉપર થયેલાં અત્યાચારના બનાવ અંગે આવેદનપત્ર પાઠવી દલીતોને સંપૂર્ણ સુરક્ષા આપવાની માંગ કરી હતી. અને ત્યાર બાદ દલીતોની એક જાહેરસભા યોજાઈ હતી. જેમાં કોઈનાં પણ ખોટા અત્યાચારો નહીં સાંખી લેવા દલીલોને અપીલ કરાઈ હતી.

## આદર્શ સાંસદ ગ્રામ યોજના અંતર્ગત રોડા ખાતે ખેતીની તાલીમ યોજાઈ

પાટણ, તા. ૨૪

પાટણ જિલ્લાના હારીજ તાલુકાના રોડા ગામે ભારત સરકારના કૃષિ, સહકારી અને કૃષિ કલ્યાણ મંત્રાલયના રીજીયોનલ ઓર્ગેનિક સેન્ટર, નાગપુર દ્વારા જૈવિક ખેતી અને સજીવ ખેતી સંદર્ભમાં ખેડૂત તાલીમ શિબિર યોજાઈ હતી.

# મેઘરજ પોલીસ સ્ટેશનમાંથી ફરાર થયેલ વાહનચોરીનો આરોપી ઝડપાયો

મેઘરજ, તા. ૨૪

મેઘરજ પોલીસ સ્ટેશનમાંથી વાહન ચોરીના ગુન્હામાં પકડાયેલ આરોપી લોકઅપમાંથી ફરાર થઈ ગયો હતો જે આરોપીને બુધવારના રોજ એલ.સી.બી. મોડાસાએ ઝડપી પાડ્યો હતો.

મેઘરજનો ચોરીના ગુનાનો આરોપી ફિરોજ યુસુફ શેખ રહે. ઈન્દિરાનગર મેઘરજને વાહનોની ચોરીઓના ગુન્હામાં બાલાસીનોર પોલીસે ઝડપી પાડ્યો હતો અને નડીયાદ સબજેલ ખાતે મોકલી આપ્યો હતો. ત્યાર બાદ આરોપીનું મેઘરજ કોર્ટમાંથી ટ્રાન્સફર વોરંટ કાઢી બાલાસીનોર કોર્ટમાં જમા કરાવી આરોપી ફિરોજને મેઘરજ પોલીસ સ્ટેશનના જમાદાર રાજુભાઈ દ્વારા મેઘરજ પોલીસ સ્ટેશનને લાવી કસ્ટડીમાં મુકવામાં આવ્યો હતો અને તે દરમિયાન તા. ૧૯-૫-૧૬ના રોજ સવારે આઠેક વાગ્યાના અરસામાં આરોપીના પિતા યુસફ અનવરભાઈ શેખ મેઘરજ પોલીસ સ્ટેશને ફિરોજ માટે ચા લઈને આવ્યા હતા તે દરમિયાન મેઘરજ પોલીસ સ્ટેશનની કસ્ટડીના ટોયલેટમાં પાણી આવતું ન હોવાથી ફિરોજને કુદરતી હાજત માટે બહાર કાઢવામાં આવ્યો હતો તે અરસામાં મેઘરજ પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ. જયંતિભાઈ એકલા હાજર હોઈ જેથી પી.એસ.ઓ.ની એકલતાનો લાભ લઈ આરોપી ફિરોજ એકાએક ફરાર થઈ ગયો હતો. જે બાબતે પી.એસ.ઓ. જયંતિભાઈને સસ્પેન્ડ કરાયા હતા. આ ફરાર થવાના બે માસ બાદ આ ફરાર આરોપીને એલસીબી પી.એસ.આઈ. પરમારે અને તેમની ટીમે બાતમીના આધારે બુધવારે મોડાસાથી ઝડપી લઈ તેને મેઘરજ પોલીસ સ્ટેશને લાવવામાં આવ્યો હતો અને મેઘરજ પોલીસે ફિરોજની અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## જાયન્ટસ ગ્રુપ ઓફ મોડાસા દ્વારા વૃક્ષારોપણ

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં માલપુર રોડ પર આવેલા ઓઘારી તળાવ અને નગરપાલિકાના બગીચાની બહારની બાજુએ તેમજ જાહેર જગ્યાઓ પર વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. મોડાસા જાયન્ટસ ગ્રુપ દ્વારા ''પર્યાવરણ બચાવો વૃક્ષ વાવો''



અંતર્ગત આયુર્વેદિક વૃક્ષો સહિત પર્યાવરણને લગતા વૃક્ષોનું મોટી સંખ્યામાં વાવવામાં આવ્યા હતા. જેમાં જાયન્ટસ ગ્રુપ ઓફ મોડાસાના પ્રમુખ અનિષ કાવઠીયા, ફેડરેશન થ્રીસીના ઉપપ્રમુખ નિલેષભાઈ જોષી, નવનીતભાઈ પરીખ, ભાવેશ જયસ્વાલ, અંકીત પટેલ, શૈલેષ ભોઈ, ધર્મેન્દ્રભાઈ ત્રિવેદી તેમજ જાયન્ટસ ગ્રુપ ઓફ મોડાસાના જય અમીન સહિત મોટી સંખ્યામાં મેમ્બરો ઉપસ્થિત રહ્યા હતા.